**(1) એ. આર. દવે કમિટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ કમિટીની રચના નાબાર્ડને વધુ કાર્યક્ષમ બનાવવાની ભલામણો આપવા માટે કરવામાં આવી હતી.
(2) આ કમિટીની નિમણૂક કૃષિ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
(3) કમિટીની ભલામણ મુજબ રિકવરી પ્રક્રિયાને સુધારવાની જરૂર છે.
(4) કમિટીની અન્ય ભલામણ મુજબ અંતિમ ઓર્ડર પાસ કરવા માટેની સમયરેખા પણ ઘટાડવી.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ **SEBI (Securities and Exchange Board of India)** દ્વારા એક ઉચ્ચ–સ્તરની કમિટીની રચના જસ્ટિસ એ. આર. દવેની અધ્યક્ષતામાં કરવામા આવી હતી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કમિટીની રચના **SEBI**ના નિયમોને રિવ્યુ કરવા માટે તથા તેના એન્ફોર્સમેન્ટ મિકેનિઝમને વધુ સારા બનાવવાની ભલામણો આપવા માટે કરવામાં આવી હતી. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ કમિટીની કેટલીક ભલામણો :

- અંતિમ ઓર્ડર પાસ કરવા માટેની સમયરેખા ઘટાડવી. (આથી, વિધાન (4) સાચું છે.)
- **SEBI**ના નિયમો તથા **IBC (Insolvency and Bankruptcy Code)** વચ્ચે સમન્વય સાધવો.
- રિકવરીની પ્રક્રિયા સુધારવી. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક (World Competitiveness Index) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ સૂચકાંક IMD નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવે છે.

(2) રિપોર્ટ મુજબ, ભારતનો ક્રમ 21મો આવ્યો છે.

(3) આ વર્ષે સિંગાપોર પ્રથમ ક્રમે રહયું છે.

(4) ભારત શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રના રોકાણમાં હજું પાછળ છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં IMD (ઈન્સ્ટીટયૂટ ફોર મેનેજમેન્ટ ડેવલપમેન્ટ) દ્વારા વિશ્વ સ્પર્ધાત્મકતા સૂચકાંક જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ IMD એક સ્વતંત્ર શૈક્ષણિક સંસ્થા છે.

⇛ 63 દેશોમાંથી ભારતનો ક્રમ 43મો આવ્યો છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ અંતર્ગત ભારતની પારંપરિક નબળાઈઓ જેમ કે નબળું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રના ઓછા રોકાણને હાઈલાઈટ કરવામાં આવ્યા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ સિંગાપોરે તેનો પ્રથમ ક્રમ જાળવી રાખેલો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

● યાદ રાખો : ગ્લોબલ કમ્પિટીટીવનેસ ઈન્ડેક્ષ વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા બહાર પાડવામાં આવે છે અને વર્લ્ડ કમ્પિટીટીવનેસ ઈન્ડેક્ષ IMD દ્વારા બહાર પાડવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ખાદ્ય સુરક્ષા અને પોષણ પર COVID-19ના કારણે થયેલી અસરો પર FAO દ્વારા રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ રિપોર્ટના આધારે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) ફેબ્રુઆરી 2020થી વર્તમાન સુધીમાં COVID-19ના કારણે 4.5 કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષામાં ધકેલાયા છે.
(2) આ 4.5 કરોડ લોકો પૈકી મોટા ભાગના લોકો આફ્રિકામાં તથા પૂર્વ યુરોપમાં વસે છે.
(3) ઉપરાંત 4.9 કરોડથી વધુ લોકો અત્યંત ગરીબીમાં ધકેલાય શકે તેમ છે.
(4) આ પરિસ્થિતિઓનો સામનો કરવા ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તરલતા જાળવવાનું તથા આર્થિક સમાવિષ્ટતતાને પ્રોત્સાહન આપવાનું સૂચવવામાં આવ્યું છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ તાજેતરમાં FAO (ખાદ્ય અને કૃષિ સંસ્થા) દ્વારા ખાદ્ય સુરક્ષા અને પોષણ પર COVID-19ની થયેલી અસરો પર એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.

⇛ આ રિપોર્ટના મુખ્ય તારણો :

- ફેબ્રુઆરી 2020થી વર્તમાન સુધીમાં COVID-19ના કારણે 4.5 કરોડ લોકો ગંભીર ખાદ્ય અસુરક્ષામાં ધકેલાયા છે. (આથી, વિધાન (1) સાચું છે.)
- આ 4.5 કરોડ લોકો પૈકી આશરે 3.3 કરોડ લોકો દક્ષિણ અને દક્ષિણપૂર્ણ એશિયામાં રહે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)
- આશરે 4.9 કરોડથી પણ વધુ લોકો અત્યંત ગરીબીમાં ધકેલાય જશે તેવી શકયતા છે. આ અંતર્ગત સબ–સહારન આફ્રિકાને સૌથી વધુ અસર થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ રિપોર્ટની કેટલીક ભલામણો :

- પોષણ માટે એકીકૃત પ્રણાલિગત એપ્રોચ અપનાવવો.
- ખોરાક અને પોષણના વિતરણ માટે નવા મોડેલ અપનાવવા.
- ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તરલતા જાળવવી અને નાણાકીય સમાવિષ્ટતાને પ્રોત્સાહન આપવું. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) ફોરેસ્ટ એડવાઈઝરી કમિટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક અર્ધ–ન્યાયીક બંધારણીય સંસ્થા છે.

(2) તેની સ્થાપના પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ, 1986 હેઠળ કરવામાં આવી છે.

(3) તેનું પાત્ર સલાહકારી છે.

(4) તે જંગલની જમીનના અન્ય વપરાશ માટેના રૂપાંતર માટે સરકારને સલાહ આપે છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ફોરેસ્ટ એટવાઈઝરી કમિટી એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ તેની સ્થાપના વન (સંરક્ષણ) અધિનિયમ, 1980 હેઠળ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ કમિટી પર્યાવરણ મંત્રાલય હેઠળ આવે છે.

⇛ જ્યારે જંગલની જમીનને બિન–વનીય કાર્યો જેવાં કે, ઉત્ખનન, ઉદ્યોગ, ટાઉનશીપ વગેરે માટે રૂપાંતર કરવાનો પ્રશ્ન આવે ત્યારે તે સરકારે આવી જંગલની જમીનનું કલીઅરન્સ આપવા માટે સલાહ આપે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેનું પાત્ર સલાહકારી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) એન્ટાર્કટીક ટ્રિટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ ટ્રિટી એન્ટાર્કટીક સંબંધી આંતરરાષ્ટ્રીય સંબંધોનું નિયમન કરે છે.

(2) ટ્રિટી હેઠળ $60^0$ દક્ષિણ અક્ષાંશની નીચેના દરેક જમીન ભાગ અને આઈસ શેલ્ફને એન્ટાર્કટીકા તરીકે વ્યાખ્યાતિ કરવામાં આવેલ છે.

(3) ટ્રિટી હેઠળ એન્ટાર્કટીકામાં સૈન્ય પ્રક્રિયા પર પ્રતિબંધ છે.

(4) એન્ટાર્કટીકા એકમાત્ર ખંડ છે કે જયાં કોઈ મૂળ પ્રજાતિના લોકો નથી.

(A) માત્ર (1), (2) અને (3)    (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (3) અને (4)    (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ એન્ટાર્કટીકા પૃથ્વી પરનો એકમાત્ર એવો ખંડ છે કે જયાં કોઈ મૂળ પ્રજાતિના લોકો નથી. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ એન્ટાર્કટીકાના આંતરરાષ્ટ્રીય સંબંધો માટે એન્ટાર્કટીક ટ્રિટી તથા અન્ય કેટલાંક કરારો કરવામાં આવેલાં છે. જે દરેકને સંયુકત રીતે એન્ટાર્કટીક ટ્રિટી સિસ્ટમ (ATS) કહે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ ટ્રિટી 1961થી અમલમાં આવેલી છે.

⇛ ટ્રિટી હેઠળ $60^0$ દક્ષિણ અક્ષાંશથી નીચેના ભૂમિભાગ તથા આઈસ શેલ્ફને એન્ટાર્કટીકા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ટ્રિટી હેઠળ એન્ટાર્કટીકાને વૈજ્ઞાનિક ઉપયોગ માટે અનામત રાખવામાં આવેલ છે તથા અહીં કોઈપણ પ્રકારની સૈન્ય પ્રક્રિયા પર પ્રતિબંધ છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT